**Enrollment No: ______________________   Exam Seat No:______________________**

# C.U.SHAH UNIVERSITY
## Winter Examination-2018

**Subject Name : Company Accounts-I**

**Subject Code : 4CO03COA1   Branch:B.Com (Gujarati)**

**Semester: 3   Date: 06/12/2018   Time: 02:30 To 05:30   Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ભંડોળનો અર્થ શું થાય ? **(1)**

**b)** ડિવિડન્ડ એટલે શું ? **(1)**

**c)** રિડીમેબલ પ્રેફરન્સ શેર એટલે શું ? **(1)**

**d)** મૂડી ઘટાડા ની પદ્ધતિઓ નાં નામ આપો . **(1)**

**e)** મૂડી ઘટાડો એટલે શું ? **(1)**

**f)** શેર બાંયધરી નાં કોઈ પણ બે ફાયદાઓ જણાવો . **(1)**

**g)** લઘુતમ ભરણું શું છે ? **(1)**

**h)** હિસાબી ધોરણ નં . 11 નું નામ આપો . **(1)**

**i)** નિશાનીવાળી અરજીઓનો અર્થ સમજાવો . **(1)**

**j)** વચગાળાનું ડિવિડન્ડ કોને કહેશો ? **(1)**

**k)** જામીનગીરી પ્રીમિયમ નો અર્થ આપો . **(1)**

**l)** હિસાબી ધોરણ નં . 14 નું નામ શું છે ? **(1)**

**m)** શેર બાંયધરી કરારનો અર્થ સમજાવો . **(1)**

**n)** રિડીમેબલ પ્રેફરન્સ શેર પૂરેપૂરા ભરપાઈ થયેલા હોય તો જ તેનાં નાણા પરત થઈ શકે છે – સાચું કે ખોટું **(1)**

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt the question** **(14)**

તા . 31-03-2018 ના રોજનું “ અ ” **લિમિટેડ** નું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| ઉધાર બાકીઓ | Rs. | જમા બાકીઓ | Rs. |
|---|---|---|---|
| ચૂકવેલ ડિબેન્ચર વ્યાજ | 15,000 | શેરમૂડી | 10,00,000 |

| | | | |
|---|---|---|---|
| બાકી હપ્તા | 50,000 | સામાન્ય અનામત | 60,000 |
| ખરીદી | 5,00,000 | ડિબેન્ચર પરત અનામત | 40,000 |
| શરૂઆતનો સ્ટોક | 80,000 | 10% ના ડિબેન્ચર | 2,00,000 |
| દેવાદારો | 2,00,000 | જાહેર થાપણો | 80,000 |
| ટેલિફોન ડીપોઝીટ | 30,000 | ખરીદ પરત | 20,000 |
| 10% ની સરકારી લોન | 100,000 | વેચાણ | 12,00,000 |
| જમીન – મકાન | 14,00,000 | વેપારી લેણદારો | 30,000 |
| પ્લાન્ટ – યંત્રો | 2,30,000 | નહિ મંગાવેલ ડિવિડન્ડ | 10,000 |
| વેચાણ પરત | 25,000 | ઘાલખાધ અનામત | 18,000 |
| કર્મચારીઓનો પગાર | 50,000 | ન .નુ . ખાતું (1-4-2017) | 42,000 |
| ઓફીસ ખર્ચા | 20,000 | | |
| | **27,00,000** | | **27,00,000** |

**વધારાની માહિતી** :

(1) આખર સ્ટોક Rs. 40,000 .

(2) દેવાદારો પર 10% લેખે ઘાલખાધ અનામત ની જોગવાઈ કરો .

(3) જમીન – મકાન પર 5% , પ્લાન્ટ – યંત્રો પર 10% ઘસારો ગણો .

(4) નફાના 50% લેખે કરવેરાની જોગવાઈ કરો .

(5) શેરમૂડી પર 10% લેખે ડિવિડન્ડ ની જોગવાઈ કરો . Rs. 20,000 સામાન્ય અનામત ખાતે લઈ જાઓ .

(6) સૂચિત ડિવિડન્ડ પર 20% લેખે કોર્પોરેટ ડિવિડન્ડ વેરાની જોગવાઈ કરો , જેમાં શિક્ષણવેરો અને સરચાર્જનો પણ સમાવેશ થયેલ છે .

2013 ના કંપની ધારાની જોગવાઈઓ પ્રમાણે પરિશિષ્ટ -3 મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો .

**Q-3** **Attempt all questions** **(14)**

**(a)** “ બ ” લિમિટેડે Rs. 100 નો એક એવા 6% ના 1,000 રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડ્યા હતા . કંપનીના ચોપડે નફા નુકસાન ખાતે Rs. 70,000 ની જમા બાકી હતી . કંપનીએ આ શેરનાં નાણા પરત કરવાનો નિર્ણય કર્યો . તે હેતુ માટે Rs.100 નો એક એવા 400 ઇક્વિટી શેર બહાર પાડ્યા અને બાકીની રકમ નફા નુકસાન ખાતેથી ઉપયોગમાં લેવામાં આવી . **(7)**

ઉપરના વ્યવહારો નોંધવા આમનોંધ લખો .

**(b)** રિડીમેબલ પ્રેફરન્સ શેર નાં નાણા પરત કરતી વખતે કઈ કઈ શરતો પરિપૂર્ણ થવી જોઈએ ? **(7)**

**Q-4** **Attempt all questions** **(14)**

**(a)** શેરમૂડી ઘટાડા નાં કારણોનું વર્ણન કરો . **(7)**

**(b)** શેરમૂડી ઘટાડા ની પદ્ધતિઓની ચર્ચા કરો . **(7)**

**Q-5** **Attempt the question** **(14)**

" **ક** " **લિમિટેડ**નું તા . 31-03-2018 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| દેવાં | Rs. | મિલકતો | Rs. |
|---|---|---|---|
| **શેરમૂડી :** | | **સ્થિર મિલકતો :** | |
| સત્તાવાર , બહાર પાડેલી | | જમીન અને મકાન | 30,000 |
| Rs. 10 નો એક એવા | | સાંચા અને યંત્રો | 3,50,000 |
| 10,000 પ્રેફરન્સ શેર | 1,00,000 | વાહનો | 20,000 |
| Rs. 10 નો એક એવા | | ફર્નિચર | 2,000 |
| 20,000 ઇક્વિટી શેર | 2,00,000 | **રોકાણો** | 15,000 |
| સામાન્ય અનામત | 10,000 | **ચાલું મિલકતો :** | |
| નફા નુકસાન ખાતું | 5,000 | સ્ટોક | 20,000 |
| ગીરો ડિબેન્ચર્સ | 1,20,000 | દેવાદારો | 12,000 |
| લેણદારો | 15,000 | બેન્ક સિલક | 1,000 |
| | **4,50,000** | | **4,50,000** |

મૂડી ઘટાડાની યોજનાઓને ટ્રિબ્યુનલ તરફથી મંજુરી મળી હતી , તે મુજબ પ્રેફરન્સ શેર પર શેરદીઠ Rs. 4 માંડી વાળવા , અને ઇક્વિટી શેર પર શેરદીઠ Rs.6 માંડી વાળવા . તેમજ મિલકતોની કિમતમાં નીચે મુજબ ઘટાડો કરવો :

(1) જમીન અને મકાન Rs. 10,000 (3) વાહનો Rs.4,000

(2) સાંચા અને યંત્રો Rs. 1,50,000 (4) રોકાણો Rs. 8,000

સામાન્ય અનામતની રકમ માંડી વાળવાની હતી તેમજ તફાવતની રકમ નફા નુકસાન ખાતેથી લાવવાની હતી .

જરૂરી આમનોંધ લખો અને ઉપર દર્શાવેલ યોજનાની શરતો અમલમાં મૂક્યા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો .

| | | | |
|---|---|---|---|
| **Q-6** | | **Attempt all questions** | **(14)** |
| | **(a)** | “ ડ ” **લિમિટેડ** દરેક Rs. 10 નો તેવા 90,000 શેર બહાર પાડે છે . આ અંગે ત્રણ દલાલોએ નીચે મુજબ બાંયધરી આપી છે :<br>અ : 45,000 શેર , બ : 30,000 શેર , ક : 15,000 શેર . આ ઉપરાંત ત્રણેએ નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી છે :<br>અ : 7,500 શેર , બ : 4,500 શેર , ક : 4,500 શેર .<br>કંપનીને નિશ્ચિત બાંયધરી સિવાય 60,000 શેર માટે અરજી મળી છે , જે પૈકી નિશાનીવાળી અરજીઓ 45,000 શેર માટેની હતી , જે નીચે પ્રમાણે હતી :<br>અ : 18,000 શેર , બ : 15,000 શેર , ક : 12,000 શેર .<br>(1) નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા આપવામાં આવતી નથી .<br>(2) દલાલને 5% બાંયધરી કમિશન આપવાનું છે .<br>દરેક બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક બનાવો . | **(7)** |
| | **(b)** | ઉપર Q-6 (a). માં આપેલ માહિતી પરથી “ ડ ” **લિમિટેડ** નાં ચોપડે જરૂરી આમનોંધ આપો . | **(7)** |
| **Q-7** | | **Attempt all questions** | **(14)** |
| | **(a)** | શેર બાંયધરી નાં ફાયદાઓ સમજાવો . | **(7)** |
| | **(b)** | શેર બાંયધરી કરાર નાં પ્રકારોની ચર્ચા કરો . | **(7)** |
| **Q-8** | | **Attempt all questions** | **(14)** |
| | **(a)** | કર્મચારી લાભો ( Employee Benefits) અંગેનું હિસાબી ધોરણ સમજાવો . | **(5)** |
| | **(b)** | સરકારી અનુદાન (Government Grants) અંગેના હિસાબી ધોરણ ની ચર્ચા કરો . | **(5)** |
| | **(c)** | 2013, નાં કંપની ધારા મુજબની વિગતો સાથેનું નફા નુકસાન નું પત્રક બનાવો . | **(4)** |